# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## મનથી નાના બનતાં શીખો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

હનુમાન ચાલીસાની ચોપાઈનાં આ શબ્દો છે - ''સુક્ષ્મરૂપ ધરી સીય હી દિખાવા.''

તો આ ''સુક્ષ્મરૂપ ધરી'' એટલે શું ? રામાયણમાં કથા આવે છે કે, જ્યારે હનુમાનજીએ લંકામાં પ્રવેશ કર્યો ત્યારે તેઓ સુક્ષ્મ એટલે કે નાનામાં નાનું સ્વરૂપ ધારણ કરીને પ્રવેશેલા કોઈની પણ નજરે ન પડ્યા ! માટે સુક્ષ્મ એટલે કે ''નાનું'' - ''ઝીણામાં ઝીણું''.

તુલસીદાસજીએ વર્ણવ્યું કે તેઓ જ્યારે સીતામાતા પાસે ગયા ત્યારે સુક્ષ્મરૂપ ધારણ કરીને ગયેલા. એટલે અત્રે સુક્ષ્મ એટલે નાનું પણ ''સૌમ્ય-સરળરૂપ'' ધારણ કરેલું. તમે જ્યારે ઈષ્ટદેવ પાસે, તમારા પૂજનીય કે વડીલ કે ગુરૂ પાસે જાઓ ત્યારે કે માતા-પિતા પાસે જાઓ ત્યારે નાના બનીને જજો. સૌમ્ય-સરળ બનીને જજો.

બહાર સમાજમાં - સંસાર વહેવારમાં તમે ગમે તેટલા મોટા હો, તમારી વાહવાહ ચારે બાજુ થતી હોય ત્યારે ઉપર જણાવેલ વ્યક્તિ પાસે જાઓ તો તમામ માન-મરતબો-મોભો બધું જ બહાર મુકીને તેમની પાસે સરળ બનીને જજો. સુક્ષ્મરૂપ બનતાં ન આવડે તો કેવું થાય ? ગોપાળાનંદ સ્વામી વડોદરામાં બિરાજતા હતા ત્યારની વાત છે.

એક ગરીબ ઘરનો દીકરો નામે ''મંગળ'' મંદિરની તેમજ સંતોની સેવા કરતો. સ્વામીને તેની સેવાનો ભાવ ગમતો. ગોપાળાનંદ સ્વામીનો રાજીપો આ મંગળ ઉપર ઉતર્યો અને ભણવામાં ઘણો જ આગળ વધી ગયો, છતાં મંદિરની અને સંતની સેવા કરવાનું ચૂક્યો ન હતો. સ્વામી તેને પ્રેમથી - હેતથી ''મંગળ'' કહીને બોલાવતા. તેમના રાજીપાના ફળ સ્વરૂપ વડોદરાના રાજા સયાજીરાવની નજરે તે વસી ગયો અને રાજ્યના ''કલેકટર''ના પદે નિમણુંક થઈ. ઊંચો હોદ્દો માન-મોભો-આવક વધી ગયાં.

રાજાશાહી ઠાઠ, ઠઠારો, નોકર-ચાકર, બીજા ઉચ્ચ હોદ્દેદારો, ગાડી-ઘોડા બધું જ તેમની સેવામાં હાજરાહજુર. હવે બધા તેમને ''કલેકટર સાહેબ'' કહીને બોલાવતા. માન-સન્માન વધી ગયા.

એક સમયે તે મંગળભાઈ કલેકટર થોડા હોદ્દેદારો, થોડા નોકરો સાથે સરકારી કામે રસાલા સાથે જતા હતા. ત્યાં તેમને સમાચાર જાણવા મલ્યા કે મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી અત્યારે વડોદરામાં જ બિરાજે છે. લાવને મારા આ રસાલા સાથે તેમના દર્શને જાઉં.

જો જો ભૂલ ક્યાં થાય છે !! જેવા કલેકટર સાહેબ સ્વામી પાસે ગયા કે સ્વામીએ તેમની સરળ, કોમળ, વાત્સલ્યભાવ વાળી પહેલાંની વાણીમાં કહ્યું, ''આવ મંગળ'' અને મંગળને હાડોહાડ લાગી આવ્યું. અને તે જાહેરમાં કાંઈ બોલ્યો નહીં પણ મનમાં વિચારવા લાગ્યો કે મારા ગુરુ મોટા ખરા પણ થોડો વિવેક આવડતો નથી. મારા નોકર-ચાકર, અધિકારીઓ સાથે છે ને મને એક વચને ''આવ મંગળ'' એવું કહ્યું !!!

સ્વામી તો ત્રિકાળજ્ઞાની હતા. જાણી ગયા. આને મોભો આડો આવ્યો. મારી વાત્સલ્યતા ના ગમી. થોડા સમય બાદ આ જ મંગળભાઈ કલેકટર, રાજ્યનાં કાંઈક વાંક ગુનામાં આવ્યા અને એ જ સમયે ગાયકવાડ સરકારે તેમનો દરજ્જો છોડાવી દીધો. નોકરીએથી ઘરભેગો કરી દિધો. અને પાછો રસ્તે ચાલતો થઈ ગયો. રાસ-રસાલા સાથે નીકળતો ત્યારે પ્રજા એમ કહેતી કે - ''મંગળભાઈ કલેકટર'' જાય છે અને અત્યારે રોડ પર ફરતો થઈ ગયો ત્યારે વડોદરાની એ જ પ્રજા એક બીજાને કહે છે - ''પેલો જાય છે તેને ઓળખો છો ? પેલો મંગળીયો જાય છે. મોટો સાહેબ થઈને ફરતો હતો, હવે જાય છે ને ટાંટીયા ઢસડતો !''

ત્યારે આ મંગળની આંખમાંથી બોર બોર જેવડા આંસુ સરી પડ્યાં. સ્વામીએ મને વાત્સલ્યભાવથી મંગળ કહીને બોલાવ્યો ત્યારે મને ગમ્યું ન હતું, મોભો આડો આવ્યો હતો. અત્યારે બધા મંગળીયો કહીને મારી મશ્કરી કરે છે.

પોતાના ઈષ્ટદેવ તેમજ વડીલ, ગુરૂ, માતા-પિતા પાસે જાવ ત્યારે તમે એ ભૂલી જજો કે - હું ડૉક્ટર છું, એન્જિનીયર છું, સી.એમ. છું, પી.એમ. છું, રાષ્ટ્રપતિ છું, આ બધું જ બહાર રાખજો પણ જેની આગળ જાવ છો તે કોણ છે ? તેનું સ્થાન મારા જીવનમાં શું છે ? એ યાદ કરીને જજો. વાત્સલ્યભરી વાણીને સમજજો. તો તમે સુક્ષ્મરૂપ ધારણ કર્યું ગણાશે. તેમના કૃપાપાત્ર,

આદરપાત્ર, આશીર્વાદપાત્ર બનશો.

વ્હાલા ભક્તો ! હનુમાન ચાલીસાની આ ચોપાઈનો સુંદર ભાવાર્થ જો જીવનમાં યાદ રાખશો તો હનુમાનજીની જેમ ભક્તિ-શક્તિની અભિવૃદ્ધિ થશે અને જેમ હનુમાનજી સદૈવ ભગવાનના કૃપાપાત્ર છે તેમ આપણી ઉપર પણ ભગવાનની કે મોટા પુરુષોની વડીલોની કૃપા ઉતરશે.

માટે યાદ રાખો જગત વ્યવહારમાં ગમે તેવી મોટાઈ હોય છતાં માતા, પિતા, ગુરૂ પાસે મનથી સ્વભાવથી નાના બની જીવતાં શીખો.

●

**ભાવથી ભગવાનના શરણમાં જવું**

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ભગવાનની લીલા-ચરિત્રો જ કલ્યાણકારી છે. ભક્તો અનેક પ્રકારનાં સંકલ્પથી ભગવાનનો નિશ્ચય કરે છે. કોઈક પ્રસાદનો સંકલ્પ કરે. તો વળી કોઈ સેવાભાવી ભક્ત ''જો ભગવાન મને સેવા આપે તો સાચા'' આવો સંકલ્પ કરે. તો વળી કોઈ દૂર મતિવાળા કહે ''જો ભગવાન હોય તો હું આઠ દિવસમાં આંધળો થાઉ'' એવા પણ સંકલ્પ કરવાવાળા મળી રહે છે. પણ આજનું ચરિત્ર એ તો અનોખું છે.

એકવાર સ્વામિનારાયણ ભગવાન મેથાણ પધાર્યા હતા. તે મેથાણમાં મોટું તળાવ છે. એ તળાવમાં પંપાસરનો આરો કહેવાય છે. એ આરે શ્રીજી મહારાજ તળાવમાં સ્નાન કરવા પધાર્યા. તે તળાવમાં વચ્ચે એક ટેકરી છે. શ્રીજી મહારાજ તરતા તરતા એ ટેકરી સુધી ગયા. અને ટેકરી સુધી પહોંચીને મહારાજ કેડ સુધી પાણીમાં ઉભા રહ્યા હતા. તો એ ગામના કોઈ રજપૂત મૂળુભાઈ કેસરીયા એને મહારાજનો નિશ્ચય નહિ. એણે મનમાં વિચાર્યું કે આ મહારાજ ભગવાન કહેવાય છે તો આજે મારે એની પરીક્ષા લેવી છે અને એણે પણ પાણીમાં ડૂબકી મારી અને પાણીની અંદર ને અંદર જઈ અને જ્યાં શ્રીજી મહારાજ ઉભા હતા ત્યાં પહોંચી અને ઓચિંતા એણે મહારાજના ચરણ પકડ્યા. એમના મનમાં એવું ગણિત હતું કે હું ચરણ પકડીશ ને એટલે ગભરાઈ જશે બૂમ પાડશે તો એ ભગવાન નહિ. પણ ભગવાન તો કંઈ ગભરાયા નહિ અને મહારાજે પોતાના ચરણને એવો ઉછાળ્યો તેથી આ રજપૂત તળાવમાં પચાસ હાથ દૂર જઈને પડ્યો. ત્યારે એને નિશ્ચય થયો કે મહારાજ સાક્ષાત્ ભગવાન છે.

વ્હાલા ભક્તો ! જીંદગીમાં ઘી લેવું હોય તો પારખું કરીને લેવાય, તેલ લેવું હોય તો પારખું કરીને લેવાય અરે ! સોનું કે ચાંદી લેવી હોય તો પારખું કરીને લેવાય, પરંતુ જગતના જીવ તો ભગવાનનાંય પારખાં લેવા હાલી નીકળ્યા છે. બાકી આપણે તો સુરાબાપુ જેવું રાખવું.

**હું ને મારો ઠાકોર, બીજું જગત કાણું**
**ઠાકોર બેઠા પારણે, હું બેઠો દોરી તાણું.**

આવો અનન્ય ભાવ ભગવાનમાં રાખી વિશ્વાસ રાખી ભક્તિ-ભજન કરે તેનો બેડો પાર થઈ જાય. માટે સ્વભાવ છોડો અને સદ્‌ભાવ અપનાવો. ભગવાન ભક્તોના ભાવને વશ થાય છે.